જાહેર નિવેદન

આથી જાહેર જનતા તમામને જણાવવાનું કે નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલકત **ઘી પાલ ગૃપ કો-ઓ કોટન સેલ સોસાયટી લી.જહાંગીરપુરા સુરતના માલિકીની** ચાલી આવેલ હોય સદરહું મિલકત વેચાણ આપવાની હોય તો રસ ધરાવનાર વ્યકિત કે સંસ્થાએ મંડળી ના પ્રમુખશ્રી તથા મેનેજરનો સંપર્ક કરવા વિનંતી છે.

મિલકતની વિગત

બ્લોક નં.	સર્વે નં.	મોજે ગામ	ક્ષેત્રફળ	હેતુ	રિમાર્ક
૨૯૨	૨૯૨	ભુવાસણ	૧-૩૩-૫૫	બિન ખેતી	સુરત જિલ્લો
૩૪૧	૨૪૨	સુપા	૦-૧૪-૮૫	બિન ખેતી	નવસારી જિલ્લો
૩૩૯	૨૪૦	સુપા	૦-૪૧-૦૧	બિન ખેતી	નવસારી જિલ્લો
૩૪૨	૨૪૩	સુપા	૦-૧૮-૧૦	બિન ખેતી	નવસારી જિલ્લો
૩૪૬	૨૪૫	સુપા	૦-૦૯-૧૪	બિન ખેતી	નવસારી જિલ્લો
૩૩૮	૪૬૫ /અ/૨	સુપા	૦-૫૬-૩૩	ખેતી લાયક	બિન ખેતી કરીને આપીશું (નવસારી જિલ્લો)
૩૪૦	૨૪૧	સુપા	૦-૦૯-૧૦	ખેતી લાયક	નવસારી જિલ્લો

પ્રમુખશ્રી નરેશભાઈ રણછોડભાઈ પટેલ, મો.નં-૯૮૨૫૧ ૪૫૮૬૨
મેનેજરશ્રી સુરેશભાઈ ભવનભાઈ પટેલ, મો.નં-૯૦૯૯૦ ૧૬૭૨૫
ઘી પાલ ગૃપ કો-ઓ કોટન સેલ સોસાયટી લી. જહાંગીરપુરા સુરત

ટાઈટલ ક્લીયરન્સ અંગે જાહેર નોટીસ

શહેર સુરતના **મોજેગામ પુણા**ના બ્લોક નં. ૮૧૧, ટી.પી. સ્કીમ નં. ૧૨, ફા. પ્લોટ નં.૧૦૬ વાળી બીનખેતીની જમીનમાં રહેણાંક હેતુ માટે આયોજીત "મિરાખ્કીકા રો–હાઉસ" નામની સોસાયટીમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **સબ પ્લોટ નં.**: બી/૧૬ વાળી મીલકત હાલમા **ચીરાગ દીનેશભાઈ ભાલાળા તથા જલ્પાબેન ચીરાગ** ભાલાળાની માલીકીની ચાલી આવેલ છે. મજકુર માલીક સદરહુ મીલકત હમારી અસીલ બેંકને મોર્ગેજમાં લખી આપી સદર મીલકત ઉપર ધીરાણ મેળવનાર છે. મજકુર હાલના માલીકના જણાવ્યા મુજબ સદરહુ મીલકતના અગ્રહકકધારી માલીકના **રજી. વે. દ. નં.: ૧૩૫૩૬, તા. ૧૦/૧૦/૨૦૦૬ ની અસલ રજી. પાવતી ગેરવલ્લે યા ગુમ થયેલ છ**ે જેથી તેની તથા અન્ય કલેઈમની ચકાસણી કરવા સદરહુ નોટીસથી જાહેર જનતાને જણાવવાનું કે, સદરહુ મીલકતમાં કોઈ બેંક, નાણાંકીય સંસ્થા, શરાફી પેઢી યા વ્યકિત, સોસાયટી વિ.નો ચાર્જ, બોજો, લિયન યા અન્ય કોઈ પ્રકારના લાગભાગ, હકક, હીસ્સા, હિત કે દરદાવા કોઈપણ સ્વરૂપે હોય તો આ નોટીસ પ્રસિધ્ધીથી દિન–૭ માં અધિકૃત દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને લેખિત વાંધાથી જાણ કરવી, મુદતમાં વાંધો મળશે નહિં, તો મુદત વિત્યેથી સદરહુ મીલકતમાં કોઈના કશા પ્રકારના હકક, હીસ્સા, હિત વિ. નથી યા હોય તો તે જતા કરી છોડી દીધા છે અને સદરહુ મીલકતના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું માનીને હમો સદરહુ મીલકતનો સપ્લીમેન્ટરી રીપોર્ટ/ ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ આપીશું અને હમારી અસીલ બેંક સદરહુ મીલકતની લોન મોર્ગેજની કાર્યવાહી પુર્ણ કરશે, બાદમાં કોઈની કોઈ તકરાર કે વાંધો ચાલશે નહી તેમજ સદરહુ મીકલત ઉપર હમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે જેની તમામે નોંધ લેવી. (તા.: ૧૨/૧૧/૨૦૨૫).

ઠે.: ૨૩૪, સુપર ડાયમંડ માર્કેટ, મીની બજાર, વરાછા રોડ, સુરત. **પ્રવિણ એન. રામપરીયા-એડવોકેટ**

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Kadodara Division
GETCO 66 KV SS Compound, Kadodara, Surat 394 327
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

Tender Notice

Tenders are invited from registered contractors for (1) ARC work of erection HT/ LT lines, TC and Service connection as per REC norms for various Schemes under Sevani sub-division; (2) Requirement of E-procurement for material of Rod Gasket for DGVCL transformer repairing unit of Kadodara Division; (3) Requirement of E-procurement tender for material of H class Super Enamelled Aluminium wire of different size as per IS 13730 (part-0/Sec-3): 2012 for DGVCL transformer repairing unit-2 and Palsana sub-division; (4) Repairing of failed distribution transformers of various rating at DGVCL In-house transformer repairing unit-2 (Wound core unit) at Kamrej; (5) Requirement of E-procurement for material for the LV winding equipment and LV DPC equipment for Stack core transformers for DGVCL transformer repairing unit-3 of Kadodara Division; (6) Laying & commissioning of UG cable with erection & maintenance of HT/LT lines & TC as per REC Norms under jurisdiction of Kadodara-2 or any other sub-division; (7) Hiring of AC petrol driven Maruti Swift Dzire S Tour or higher model of any make car for 12 Hrs. /3000 Kms for Executive Engineer at Kadodara Division; (8) Supply for labor charge for XLPE with UV coating on 55 sq. mm. conductor (1.2 mm. thick) and providing of XLPE UV coating on 100 sq. mm. dog conductor (thickness 2 mm.) including labor charges for any sub- divisions under Kadodara Division. For further details & download, please visit tender.dgvcl.com and https://tender.nprocure.com.

EE (O&M), Kadodara Division Office, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

---

બૅંક ઑફ બરોદા Bank of Baroda લીંક રોડ શાખા, : નારાયણ સ્કવેર, નજીક, ભરૂચ–૩૯૨૦૦૧, ગુજરાત ફો નં. –૦૨૬૪૦૦૬૩૭૪ email : Linbha@bankofbaroda.com

સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ જામીનદારને નોટીસ

પ્રતિ, **શ્રીમતી ઉજ્જવલાબેન અનંદભાઈ ભોઈટે (જામીનદાર) તે મોરારીશંકર કદમ ના પુત્રી :** ૩૨૩૫, અયોધ્યા નગર ભરૂચ, ભરૂચ– ૩૯૨૦૧૧.

વિષય : સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) (હવે પછી અહીં 'ધ એકટ' તરીકે ઉલ્લેખાશે) હેઠળ નોટીસ. શ્રી કદમ સંતોષ મોરારીશંકર (દેવાદાર) ખાતા નં.૫૫૩૨૦૫૦૦૦૦૦૦૨૩ (કેશ ક્રેડિટ)

મહેરબાન શ્રી,

વિષય : **શ્રી કદમ સંતોષ મોરારીશંકર** દ્વારા લીધેલ હાઉસીંગ લોન માં તમારી જામીનગીરી અંગે

૧) તમને ખબર છે તે પ્રમાણે તમે તા.૨૨.૧૨.૨૦૧૬ ના રોજ તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **શ્રી કદમ સંતોષ મોરારીશંકર** ની પાસેથી **રૂા.૨૦,૦૦,૦૦૦/–** વત્તા વ્યાજ સાથે ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચે મુજબ ની સિકયુરીટી પુરી પાડવાની રહેશે.

૧. અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન–પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી તા.૧૭.૦૪.૨૦૨૫ ના રોજ જામીનદારને સકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ કાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, તેથી દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને બાકીની લોન/ક્રેડિટ કેસીલીટી બાકી રકમ **રૂા.૨૧,૭૧,૭૩૪.૫૨/– (અંકે રૂપિયા એકવીસ લાખ ઈકોત્તેર હજાર સાતસો ચોત્રીસ અને બાવન પૈસા પુરા) + લાગુ નહી કરેલ વ્યાજ + અન સવર્ડ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** અહીં તમને ટપકો આપીને જણાવીએ છીએ કે, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે તા.૧૭.૦૪.૨૦૨૫ મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ).

૨. અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ કાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.

૩. અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્વાળંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.

૪. વધુમાં અમે ધારા ૧૩ની પેટા કલમ ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થવા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હક્ક પ્રાપ્ત થશે નહી.

૫. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

તા.૦૬.૧૦.૨૦૨૫, સ્થળ : ભરૂચ **ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, લીંક રોડ**

બૅંક ઑફ બરોદા Bank of Baroda લીંક રોડ શાખા, : નારાયણ સ્કવેર, નજીક, ભરૂચ–૩૯૨૦૦૧,ગુજરાત ફો નં. –૦૨૬૪૦૦૬૩૭૪ email : Linbha@bankofbaroda.com

(સરફેસી એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩ ની પેટા કલમ (૨) હેઠળ) દેવાદારને નોટીસ

પ્રતિ, **શ્રી કદમ સંતોષ મોરારીશંકર (દેવાદાર)**
બી/૨૧, મોરારીશંકર સોસાયટી, સાંઈરાજ સોસાયટી નજીક, ભરૂચ– ૩૯૨૦૧૧

વિષય : સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) (હવે પછી અહીં 'ધ એકટ' તરીકે ઉલ્લેખાશે) હેઠળ નોટીસ. શ્રી કદમ સંતોષ મોરારીશંકર (દેવાદાર) ખાતા નં.૫૫૩૨૦૫૦૦૦૦૦૨૩ (કેશ ક્રેડિટ)

મહેરબાનશ્રી,

વિષય : અમારી લીંક રોડ શાખા, ભરૂચ માંથી મેળવેલ કેડીટ સુવિધા.

૧. અમારા કેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોકત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયોરીટી પૂરી પાડીને કેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/કેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ લાખમાં	વ્યાજનો દર	તા.૦૬.૧૦.૨૦૨૫ ના રોજ બાકી (તા. ૩૦.૦૬.૨૦૨૫ સુધીનું લાગુ નહી કરેલ વ્યાજ અને અનસવર્ડ વ્યાજ સહીત)	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
બરોડા હોમ લોન ખાતા નં. ૫૫૩૨ ૦૫૦૦૦૦ ૦૦૨૩	રૂા. ૨૦,૦૦, ૦૦૦.૦૦	૯.૭૫%	**રૂા. ૨૧,૭૧,૭૩૪.૫૨ બાકી રકમ નું વર્ણન** લેણાં ના બેલેન્સ રૂા.૧૯,૯૯,૨૩૪.૦૦ લાગુ નહી કરેલ વ્યાજ રૂા. ૧,૬૭,૧૪૭.૪૧ અનસવર્ડ વ્યાજ રૂા. ૧,૯૮૧.૧૧ ચકવૃદ્ધિ વ્યાજ રૂા. ૧૩,૩૭૨.૦૦	રજીસ્ટર્ડ મોર્ગેજ મિલકત કે જે આમકારેશ્વર બંગ્લોઝ, નો પ્લોટ નં. બી/૨૧, માપ આશરે ૧૨૫.૯૧ ચો.મીટર તેના બાંધકામ ૯૩.૪૦ ચો.મીટર, શ્રીરાજ બંગ્લોઝ નજીક, મોજે ગામ. ઝાડેશ્વર, જી.ભરૂચ ખાતે શ્રી કદમ સંતોષ મોરારીશંકર ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા: પુર્વે: સોસાયટી રોડ, પશ્ચિમે: પ્લોટ નં. ૩૦, ઉત્તરે: જોડેનો સર્વે નંબર, દક્ષિણે: પ્લોટ નં. બી/૨૨.
કુલ			રૂા. ૨૧,૭૧,૭૩૪.૫૨	

૨. તમે જાણો છો કે તમે ઉપરોકત લોન /બાકી રકમ ના વ્યાજ ની ચુકવણી માં કસુર કર્યો છે. અને તમે ટર્મ લોન હપ્તાની ચુકવણી માં પણ કસુર કર્યો છે. **તા.૩૦.૧૨.૨૦૨૪** ના રોજ ના અને ત્યાર બાદ હપ્તા/ અનિયમીત ચુકવણી માટે બાકી રહેલ ટર્મ લોન ના હપ્તાની ચુકવણીમાં કસુર કરેલ છે.

૩. તમે કરેલ કસુર બદલ તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૨૪.૦૩.૨૦૨૫ ના રોજ નોન–પરફોર્મીંગ** તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, વગેરે ચુકવ્યા નથી.

૪. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ કાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી દર્શ લોન ખાતામાં બેંક ના પ્રત્યેની **રૂા.૨૧,૭૧,૭૩૪.૫૨/– (અંકે રૂપિયા એકવીસ લાખ ઈકોત્તેર હજાર સાતસો ચોત્રીસ અને બાવન પૈસા પુરા) + લાગુ નહી કરેલ વ્યાજ/ અન સવર્ડ વ્યાજ અને અન્ય ચાર્જીસ** ની જવાબદારી પેરા–૧ માં જણાવ્યા મુજબ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એકટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે, જેની નોંધ લેશો.

૫. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે.

૬. તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ ની કલમ ૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.

૭. વધુમાં અમે ધારા ૧૩ની પેટા કલમ ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હક્ક પ્રાપ્ત થશે નહી.

૮. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છૂટ રાહત કે છૂટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધિત છે.

નોંધ :– બેંકના અધિકૃત અધિકારી દ્વારા સીકયુરીટાઈઝેશન એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તમને અગાઉ તા. ૧૭.૦૪.૨૦૨૫ ની નોટીસ પાઠવી હતી. જો કે બેંક ના સક્ષમ અધિકૃત સત્તાધિકારીએ ૧૭.૦૪.૨૦૨૫ ની નોટીસ પરત ખેંચવા નો નિર્ણય લીધો છે અને તમારી સામે તમામ વધારાની કાર્યવાહી બેંક દ્વારા સીકયુરાઈઝેશન એકટ ૨૦૦૨ હેઠળ નવા પગલા શરૂ કરવાની સ્વતંત્રતા છે.

તા.૦૬.૧૦.૨૦૨૫, સ્થળ: ભરૂચ **ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, લીંક રોડ શાખા**

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ સીટી સબ ડીસ્ટ્રીકટ ના મોજે : જહાંગીરાબાદ ના સરવે નંબર : ૧૧૫/૩, ૧૧૫/૪, જેનો બ્લોક નં.૨૯/૧ થી નોંધાયેલી કુલ્લે સુમારે ૩૪૧૯૬ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન પૈકી ઉતર–દક્ષિણ દિશાની મધ્યમાં આવેલ સુમારે ૧૧૩૯૯ સમ ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતી બિનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ **" માઈલસ્ટોન "** ના નામથી ઓળખાતા જુદા–જુદા બિલ્ડીગો પૈકી પ્લાન મુજબ **બિલ્ડીંગ નં. " સી " નાં ચોથા માળે** આવેલ **ફ્લેટ નં. ૪૦૩** વાળી સુમારે **૬૬.૦૫ સમ ચોરસ મીટર બિલ્ટઅપ એરીયા** ધરાવતી મિલ્કત તથા મજકુર ઈમારતની તળની જમીનમાં બાંધકામનાં ક્ષેત્રફળના સપ્રમાણમાં વણ–વહેચાયેલ અવિભાજય હિસ્સાની સુમારે ૩૪.૯૯ સમ ચોરસ મીટર જમીન સહિત ની મીલકત **જયેશકુમાર કેશવલાલ પંચોલી** ની ચાલી આવેલ છે. જે મીલકત ની ઉત્ત્રોતર ઓરીજનલ ફી રસીદ ચેક કરતા દસ્તાવેજ નં. ૧૦૧૮૧ થી તા. ૧૪/૦૫/૨૦૧૨ ના રોજ નોંધાયેલ છે. જે ઓરીજનલ (આર.આર.) ગુમ થયેલ છે. સદરહુ ઓરીજનલ રસીદ (આર.આર.) કોઈપણ નાણાંકીય ધિરાણ આપનારી ખાનગી કે સરકારી સંસ્થામાં જમા હોય તો તે અંગેની જાણ હમોના વકીલશ્રીને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં લેખીત પુરાવા સહીત સુપ્રત કરવા. મુદત વિત્યેથી મજકુર ઓરીજનલ ફી રસીદ (આર.આર.) ગુમ થયેલ છે અને કોઈ સંસ્થામાં જમા નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. મુદત બાદ કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહી. તેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

ઓફીસ : ૩, પૂર્વિમાં શોપીંગ સેન્ટર, સોમનાથ સાયકલ માર્ટની બાજુમાં, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત. મો. ૯૯૦૬૧૮૧૮૨૩ **મારી મારફત હરીકુષ્ણ વી. ચૌહાણ એડવોકેટ & નોટરી**

ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે,નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મીલકત રાણીબેન બ્રિજલાલ રાજપુત ની સ્વતંત્ર અને સંપુર્ણ માલીકીની ચાલી આવેલી હોવાનું જણાવે છે અને જેઓ પાસેથી સદરહુ મીલકત (૧) કલ્પનાબેન રાજુભાઈ ચિત્રે અને (૨) ચિત્રે સાગર રાજુભાઈ એ વેચાણથી રાખવાનું નકકી કરેલ છે અને સદરહુ મીલકતનો ટાઈટલ રીપોર્ટ હમોએ આપવાનો છે અને તેઓ જણાવે છે કે તેઓના સદરહુ મિલકતના અગાઉની માલીકીના અસલ દસ્તાવેજો પૈકી નીચે જણાવેલ દસ્તાવેજો તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે થયેલ ગુમ થયેલ છે માટે સદરહુ મીલકત બાબતે કોઈને કોઈપણ જાતના વાંધા કે ચાર્જ બોજો લીયન હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં પુરાવા સહીત લેખીતમાં જાણ કરવી. મુદત વિત્યે કોઈના કોઈપણ જાતની તકરાર ચાલશે નહી અને તેમણે પોતાના તમામ હક્ક હિસ્સો પતો કર્યો છે તેમ માની હમો સદરહુ મિલકત અંગેનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને હમારા અસીલ બ્રેંક સદરહુ મિલકત મોર્ગેજ / ગીરોમાં લેશે અને હમારા અસીલ બ્રેંકનો સદરહુ મીલકત ઉપર પ્રથમ ચાર્જ રહેશે પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહિ અને જો કરશે તો આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે જેની છેવટની નોંધ લેવી.

ખોવાઈ ગયેલ દસ્તાવેજની વિગત :– (૧) તારીખ: ૧૭–૦૩–૨૦૧૧ નાં રોજથી સબ–રજીસ્ટ્રાર બારડોલી સાહેબની કચેરીમાં નોંધાયેલ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રજી.નં. ૪૪૧ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની રસીદ. (૨) તારીખ: ૧૧–૦૫–૨૦૧૦ નાં રોજથી સબ–રજીસ્ટ્રાર બારડોલી સાહેબની કચેરીમાં નોંધાયેલ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રજી.નં. ૧૦૬૦ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની રસીદ. (૩) તારીખ: ૧૬–૦૭–૨૦૦૪ નાં રોજથી સબ–રજીસ્ટ્રાર બારડોલી સાહેબની કચેરીમાં નોંધાયેલ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રજી.નં. ૧૨૬૮ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની રસીદ. (૪) તારીખ: ૦૨–૦૭–૧૯૯૨ નાં રોજથી સબ–રજીસ્ટ્રાર બારડોલી સાહેબની કચેરીમાં નોંધાયેલ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રજી.નં. ૮૬૫ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની રસીદ.

મીલકતની વિગત :– સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ બારડોલી મોજે ગામ: બાબેનના બ્લોક નં. ૨૨ વાળી બીનખેતીની જમીનમાં આવેલુંજ **"ગોપાળ નગર"** તરીકે ઓળખાતી સોસાયટીમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં. ૧૪૮,** કુલ ક્ષેત્રફળ : ૩૧.૫૪ ચો.મીટરવાળી મિલકત. **(તા. ૧૩/૧૧/૨૦૨૫)**

ઓફિસ : 'શિવશકિત', ૩૧૨, રોયલ ટ્રેડ સેન્ટર, સ્ટાર બજારની સામે, સુરત–હજીરા રોડ, અડાજણ સુરત. મો. ૯૭૧૨૯ ૩૯૨૯૨, ૯૩૭૪૫ ૩૯૨૯૨ **મારી મારફત રાજેન્દ્રસિંહ ટી. ઠાકોર એડવોકેટ એન્ડ નોટરી**

વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી ડીસ્ટ્રીકટ, જલાલપોર સબ-ડીસ્ટ્રીકટના મોજે ગામ - ઉંભરાટ ના જુના બ્લોક નં. ૯૬૫, જેનો રી.સર્વે બાદ નવો બ્લોક નં. ૧૦૧૫ છે, જેનું ક્ષેત્રફળ હે.આરે ૦-૧૬-૯૧ ચો.મી., જેનો આકાર રૂા.૦-૨૫ પૈસા છે જેનો ખાતા નં. ૧૪૩ વાળી જુની શરતની જમીન શાંતિબેન તે મગનભાઈ છનાભાઈ પટેલની વિધવા તથા ઈન્દુબેન મગનભાઈ પટેલનાઓની સંયુકત માલીકી, કબજા-ભોગવટેદાર હોવાનું તથા સદરહુ મિલકત ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, શાંત, ખાલી પ્રત્યક્ષ કબજા સહિત તમામ હકકો સાથે અમારા અસીલને વેચાણથી આપવાનું નકકી કરેલ છે. સબબ, સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સો કે અધિકાર કે કોઈપણ પ્રકારનું લખાણ કે બેન્ક યા નાણાંકિય સંસ્થા કે ધાર્મિક ટ્રસ્ટ યા સંસ્થાનો બોજો, લીયન વિગેરે હોય તો જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ (સાત)માં પુરાવા, વાંધાવચકા સાથે લેખિતમાં અમોને અમારા અસીલ વતી જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો નોટીસની મુદત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો રાઈટ યા ટાઈટલ્સ ઈન્ટરેસ્ટ નથી અને જો હોય તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે. તેમ માની મારા અસીલ સદર મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારે તર-તકરાર, દર-દાવો, ફરિયાદ ગ્રાહય રહેશે નહીં. તેમજ મારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહીં. જેની લાગતા વળગતાઓએ ખાસ નોંધ લેવી.

ઓ: બી-૬૧૧, સ્વસ્તિક યુનિવર્સલ, વેલેન્ટાઈન થિયેટર પાસે, સુરત-ડુમસ રોડ, સુરત. મો.નં. ૯૭૧૨૫ ૪૯૭૧૯ **જીમીત એચ. શાહ દિવ્યપાલસિંહ એસ. ઘરીયા તે ખરીદનારના એડવોકેટ્સ**

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ–ડીસ્ટ્રીકટનાંમોજે ગામ : કુંભારીનાંનીચે કોષ્ટકમાંજણાવેલ સર્વે નંબર તથા બ્લોક નંબર વાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીનો ::–

ક્રમ	ગામ/ તાલુકો/ જીલ્લો	બ્લોક/સર્વે નં.	ખાતા નં.	હે.આરે.ચો.મી.	આકાર રૂા. પૈસા
૧.	કુંભારી/ઓલપાડ/સુરત	૨૮૨/બ	૩૬૪	૦–૫૮–૦૮	૬–૮૦
૨.	કુંભારી/ઓલપાડ/સુરત	૨૮૨/ક	૩૬૫	૦–૨૯–૦૩	૩–૪૦
	કુલ્લે ક્ષેત્રફળ ::–			૦–૮૭–૧૧	૧૦–૨૦

*ઉપરોકત કોષ્ટકમાં જણાવેલ જ